ભિલોડામાં મઉં રોડ પરના ગેરકાયદેસર દબાણો હટાવાયા

ભિલોડા,તા.૧૨

ભિલોડામાં બજાર વિસ્તારોમાં ઠેર-ઠેર દુકાનદારો ધ્વારા કાયદાની ઐસી-તૈસી કરી દુકાનની આગળ ૧૫ ફુટના સજા, દુકાન આગળ એકના પછી એક શાકભાજી, ઠંડા-

પીણા, નાસ્તાની લારીઓ ઉભી રખાવી લોકમુખે ચર્ચાય છે કે દર મહિને વ્યક્તિ દીઠ તોતીંગ ભાડા દુકાદારો ધ્વારા વસુલાય છે. દુકાનો આગળ ખુલ્લા ભોગવટાની જાહેર રસ્તાઓ પૈકીની જગ્યાઓ ઉપર કપચી, રેતી, પાઈપો, લોખંડના સળીયા મુકી રસ્તાઓ જાણે કે બ્લોક

ઈક્બાલગઢની દુકાનોમાં ફૂડ એન્ડ ડ્રગ્સના દરોડા

ઈક્બાલગઢની કરીયાણાની દુકાનોમાં દરોડાને પગલે ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. દુકાનોમાથી તેલ અને મરચાના લીધા સેમ્પલ બાદ કાર્યવાહી હાથ ધરી હતી. દરોડાને પગલે દુકાનદારોમાં ભય ફેલાયો હતો. જેને પગલે ઈકબાલગઢની દુકાનોના સટર પડ્યા હતા અને વેપારીઓ ગાયબ થયા હતા.

પેસેજ ધસી પડ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોખમ ખડુ થવા પામ્યું છે.બે દિવસ પહેલા જેસીબી દ્વારા બેજમેન્ટના ખોદકામ દરમ્યાન કાનમ ફલેટના પીલ્લર સુધી ખોદકામ કરી દેવાતા કમ્પાઉન્ડ વૉલ સહિતનો ભાગ ધસી પડતા 'ડી' બ્લોકના પાયા પણ બહાર દેખાઈ આવ્યાં હતા. આ સમયે ગુડા સત્તાધીશો દ્વારા બેઝમેન્ટમાં આરસીસી કરી સ્ટીલનો સ્લેબ ભરી આપવાની ખાતરી અપાઈ હતી. જો કે હજુ આ કામગીરી કરાય તે પહેલા ફરી એકવાર બીજી તરફના ખોદકામ દરમ્યાન કાનમ ફલેટના બ્લોક 'બી' અને 'સી' વચ્ચેનો પેસેજ કમ્પાઉન્ડની દિવાલ સહિત ધસી પડતા ભારે ચકચાર મચી જવા પામી છે. આ ભાગ ધસી પડતાં જ કાનમ ફલેટના રહીશો એકઠા થઈ જવા પામ્યાં હતા અને ગુડાની સ્કીમના બાંધકામને અટકાવવા હોબાળો મચાવ્યો હતો. આ વખતે કમ્પાઉન્ડ વૉલ સાથે કાનમ ફલેટના પાણીના બોરને પણ અસર પડી છે અને તે ખસી જવા પામ્યો છે તેવું જણાવતા રહીશોએ ભારે ચિંતા વ્યક્ત કરી હતી. અગાઉની બેદરકારી વખતે ગટરલાઈનને નુકસાન પહોંચ્યુ હતુ અને હવે પાણીના બોરને નુકસાન પહોંચતા ઉનાળાનો સમય હોવાથી ફલેટના રહીશોમાં ફફડાટ ફેલાવા પામ્યો છે આ સાથે બી અને સી બ્લોકના રહીશો પણ તેમની સલામતી અંગે ચિંતાતુર બન્યાં છે અને તુરંત પગલાં લેવાય તે અંગે માંગ કરી રહ્યાં છે.

પાલનપુરના કોલેજ કમ્પાઉન્ડમાં આગ

પાલનપુરના કોલેજ કમ્પાઉન્ડ વિસ્તારમા બંધ દુકાનમા આગ હતી. શોર્ટ સર્કિટથી આગના બનાવને પગલે ફર્નિચર સહિત માલસમાનને નુકશાન પહોંચ્યું હતું. જોકે આગના બનાવને પગલે નગરપાલિકાનું ફાયર ફાઈટર ઘટનાસ્થળે પહોંચ્યું હતું અને આગ પર કાબુ મેળવ્યો હતો.

અગનવર્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહયો હતો. જયારે ભુજ અને ઈડરમાં પણ ગરમીનો પારો ૪૪ ડી ગ્રીને પાર રહયો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૮ ડી ગ્રી નોંધાયુ હતુ. અમદાવાદની સાપેક્ષમાં ગ્રીનસીટીમાં ગરમીનો પારો દોઢ ડી ગ્રી વધુ રહયુ હતુ. ગાંધીનગરમાં પણ ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા જનજીવન પ્રભાવિત થયુ છે. ગરમીનો પારો આજે દોઢ ડી ગ્રી વધીને ૪૪ પર પહોંચી જતા દિવસ દરમિયાન નાગરિકોએ ચામડીને દાહ આપતી આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. સિઝનની રેકર્ડ બ્રેક ગરમી અનુભવતા નગરજનો હીટવેવથી બેબાકળા બની ગયા હતા. સવારથી જ વાતાવરણમાં ગરમીની અસર વર્તાતી હતી. જયારે સુરજ માથે ચઢતા ગરમીનો મિજાજ વધુ ઉગ્ર બન્યો હતો. આકરી ગરમીથી પ્રભાવિત જનજીવનના લીધે નગરના માર્ગો પર દિવસ દરમિયાન પાંખી અવરજવર જોવા મળતી હતી. નાગરિકોએ કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ. ઘરો અને ઓફિસોમાં એ સી નો ધમધમતા નજરે પડયા હતા. નગરના બજારોમાં પણ ગરમીની અસરથી દિવસ દરમિયાન સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. જયારે માર્ગ પર જતા રાહદારીઓ પણ ગરમીથી બચવા માથે ટોપી અને મોંએ રૂમાલ બાંધીને જતા નજરે પડયા હતા.જયારે દિવસની ગરમીના અંતે રાત્રિની ઠંડકમાં નગરજનો ટહેલવા નિકળી પડયા હતા. વેકેશનની સિઝનમાં ગરમીનુ ઋતુ નિખરતા ઉનાળુ રાત્રિની રોનક પણ જામી છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૪ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૧૮.૫ ડી ગ્રી રહયુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ત્રણ ગણો તફાવત જોવા મળ્યો હતો. દિવસની આકરી ગરમીના અંતે પણ રાત્રે ઠંડક અનુભવાઈ હતી.

અછત સમિતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૦૨ ગામોમાં ૭૪ ટેન્કરો દ્વારા પાણી આપવામાં આવી રહ્યું છે અને ૨૭૮ ફેરાઓ કરવામાં આવ્યા છે.

મનરેગા યોજના હેઠળ હાથ ધરવામાં આવી રહેલા કામો અંગેની વિગતો આપતા તેમણે જણાવ્યુ હતુ કે રાજયના ૩૩ જિલ્લાઓમાં મનરેગા યોજના હેઠળ ૭૬૧૬૬ માણસો કામ કરે છે. જેમાં ૭૩૫૩ જેટલા ખેતતલાવડી સહીતના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે.

માલ્યા સામે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સમગ્ર મામલામાં સુનાવણી ૮મી નવેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે.કોર્ટ દ્વારા એમ પણ કહેવામાં આવ્યું છે કે, બે મહિનાની અંદર આ સંદર્ભમાં પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવામાં આવે તે જરૂરી છે. વિજય માલ્યા છેલ્લા ઘણા સમયથી ફરાર થયેલા છે અને હાલમાં બ્રિટનમાં રોકાયેલા છે. બેંકો જંગી દેવું તેઓ ધરાવેછે. વિજય માલ્યા વિદેશમાં ફરાર થઈ ગયા બાદ

ચિરાગભાઈ નિનામા, ટ્રાફીક કોન્સ્ટેબલ નરેશભાઈ ચૌધરી, પોલીસ સ્ટાફ, ટી.આર.બી. સ્ટાફ, વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા મઉ ચાર રસ્તા ઉપર મીની પોલીસ ચોકી સામેના ગેરકાયદેસરના ગલ્લાઓ, લારીઓ, ગલ્લાઓ આગળના સજા, માટીના ઢગલા

કાર્યક્રમ યોજાયો હતો. જીલ્લા, તાલુકા કક્ષાના વહીવટી તંત્રના ઉચ્ચ જવાબદાર અધિકારીઓ, અરજદારો, રાજકીય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા ત્યારે જાગૃત અરજદારોએ ગેરકાયદેસરના દબાણો હટાવવા સંદર્ભે ઉગ્ર રજુઆતો કરાઈ હતી.ટ્રાફીકની

સમસ્યા હલ કરવા સંદર્ભે ધારદાર રજુઆતો કરાતાં ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ, ભિલોડા નાયબ કાર્યપાલક ઈજનેર આર.બી.પટેલ, મદદનીશ ઈજનેર

હટાવી રસ્તાઓ પહોંળા કરવાની ઝુંબેશ હાથ ધરવામાં અવતા કહીં ખુશી કહીં ગમના દ્રશ્યો સર્જાયા હતા. વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા દુકાનદારને દુકાન આગળ દબાણો હટાવવા નોટીસ મારફતે

જણાવ્યું હતું પરંતુ દબાણકારોએ સ્વૈચ્છીક દબાણો ન હટાવતાં વહીવટી તંત્રના અધિકારીઓએ જે.સી.બી. ધ્વારા ખોદકામ કરી દબાણો હટાવાયા હતા.

ભિલોડા કોટેઝ હોસ્પિટલથી લાટી બજાર સુધી પ્રાઈવેટ વાહનો માર્ગો ઉપર પેસેન્જરો ભરવા માટે

મન ફાવે તેમ વાહનો મુંકતા હોય છે. ભિલોડાથી હિંમતનગર, શામળાજી, ચિઠોડા, ઈડર સહિત વિવિધ વિસ્તારોમાં ફેરા મારતા પ્રાઈવેટ વાહનચાલકો મન ફાવે તેમ વાહનોના ખડકલા કરી દેતા હોય

છે. ભિલોડામાં પ્રાઈવેટ વાહનચાલકો, લારી, ગલ્લાવાળા નાના-મોટા વેપારીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કાયમી ધોરણે વહીવટી તંત્ર ધ્વારા કરવામાં આવે તો આ સમસ્યા હલ થઈ શકે તેમ છે. ભિલોડામાં લોકમુખે ચર્ચાય છે કે આજે તો અમુક વિસ્તારોમાં

બાંધકામો કેમ હટાવાતા નથી તેમ લોક મુખે ચર્ચાય છે. દિન-પ્રતિ-દિન ગેરકાયદેસર બાંધકામોનું પ્રામણ વધતાં માર્ગો અને ખુલ્લા ભોગવટાની વિશાળ જગ્યાઓ સાંકડી બનતી જાય છે ત્યારે વાહનચાલકો, પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ગેરકાયદેસરના દબાણો હટાવાયા પણ આરંભે શુરા જેવો ઘાટ ન સર્જાય તે હવે જોવાનું રહ્યું છે. ભિલોડામાં ઠેર-ઠેર ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટ્યો છે ત્યારે રેસીડેન્ટ એન.એ.માં કોમર્શીયલ

હિંમતનગર ખાતે વિશ્વ હિંદુ પરિષદ દ્વારા ત્રિશૂલ દિક્ષા કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૧૨

વિશ્વ હિંદુ પરિષદ, હિંમતનગર શહેર પ્રખંડ દ્વારા મહારાજ, મહંત સુનિલદાસજી મહારાજ, મહંત મુરલીધરજી મહારાજ હાજર રહિને આર્શિવચન ઉ.ગુ. પ્રાંતના ધર્મપ્રસારના ઉપાધ્યક્ષ દિલીપભાઈ ચૌધરી હાજર રહિને માર્ગદર્શન આપ્યું હતું.

હિંમતનગર ટાવર ચોક ખાતે શ્રી હનુમાન જન્મોત્સવની ઉજવણીના ભાગરૂપે ત્રિશૂલ દિક્ષા કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૧૯૫ કાર્યકરોને ત્રિશૂલ અર્પણ કરાયા હતા.

આ કાર્યક્રમમાં પુજ્ય મહંત ડૉ. ગૌરાંગશરણદે વાચાર્યજી આપ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય વક્તા વિશ્વ હિંદુ પરિષદ ઉ.ગુ. પ્રાંતના સહસંગઠન મંત્રી અમૃતજી ઠાકોર, વિશ્વ હિંદુ પરિષદ ઉ.ગુ. પ્રાંતના ધર્માચાર્ય પ્રમુખ ભીમગીરી ગોસ્વામી, તેમજ વિશ્વ હિંદુ પરિષદ

ત્રિશૂલ દિક્ષા લેનાર સૌ કાર્યકરોને વિશ્વ હિંદુ પરિષદ હિંમતનગર જિલ્લાના મંત્રી નટુભાઈ બારોટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન હિંમતનગર શહેર પ્રમુખ કનકસિંહ ઝાલા તેમજ કાર્યકરો દ્વારા કરાયું હતું.

દૈનિક ભાસ્કર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કલાકે અમદાવાદ એરપોર્ટ પરથી ચાર્ટર્ડ પ્લેન દ્વારા ભોપાલ લઈ જવામાં આવ્યો હતો, જ્યા આવતીકાલે ગુરૂવારે સદ્ગતના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર કરવામાં આવશે તેમ તેમના નિકટવર્તી સુત્રોએ જણાવ્યું હતું કે, અગ્રવાલના તેમના નિધનના સમાચારને પગલે ગુજરાતના તેમ જ દેશના હિન્દુભાષા અખબારીઆલમમાં શોકની લહેર ફરી વળી છે. રમેશચંદ્ર અગ્રવાલ અખબારી જગતમાં જાણીતી હસ્તી હતા. દેશભરમાં અનેક શહેરોમાં તેમના અખબારોની આવૃત્તિ બહાર પાડવામાં આવે છે. સ્વ. રમેશ અગ્રવાલે છેલ્લા ચારેક મહિનાથી ગુજરાતને પ્રાથમિકતા આપી અહીં આવન જાવન વધારી દીધું હતું અને સુરતમાં રહેઠાણ પણ બનાવી લીધું હતું. તેઓ લાંબા સમય સુધી રોકાતા હતા. રમેશ અગ્રવાલ પ્રકાશનના ક્ષેત્રમાં મોટી હસ્તી તરીકે હતા. બેબી કોર્પોરેશન ૯૬૦ કરોડ રૂપિયાનું છે તેના ચેરમેન તરીકે તેઓ રહ્યા હતા. જુદા જુદા ક્ષેત્રોમાં પણ તેમની કામગીરી અભૂતપૂર્વ રહી હતી. ૨૦૦૩માં ડીબી કોર્પ દ્વારા દિવ્ય ભાસ્કર ગુજરાતી અખબાર શરૂ કરવામાં આવ્યું હતું. દિવ્ય ભાસ્કર દ્વારા ટૂંકમાં જ મોટી સફળતા મેળવી લેવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૦૫માં મુંબઈમાં ડીએનએ અંગ્રેજી અખબાર સુભાષચંદ્રના એસેલ ગ્રુપ સાથે સંયુક્ત સાહસમાં શરૂ કરાયું હતું.

કાળઝાળ ગરમી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં વધારો થવાની આગાહી સાથે હવામાન વિભાગ દ્વારા હિટવેવની પણ આગાહી કરવામાં આવી છે. દરમિયાન હવામાન વિભાગ તરફથી આગામી ૪૮ કલાક માટે યલોઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે જ વેપારીઓ અને અન્ય સ્વૈચ્છિક સંગઠનોને ગરીબ અને શ્રમિક વિસ્તારોમાં કોથળા, કંતાન વગેરે પુરા પાડવાની પણ સૂચના આપવામાં આવી છે. આરોગ્ય વિભાગ તરફથી લોકોને બપોરના સમયે કામ વગર બહાર ન નિકળવાની સલાહ આપવામાં આવી છે. આ સાથે જ શરીર પર એવા વસ્ત્રો પહેરવા જેથી કરીને ગરમ પવનોની અસર ન થાય. લૂ ન લાગે કે હિટસ્ટ્રોકનો ભોગ બનવું ન પડે. લોકોને બને એટલું પાણી વધારે પીવા પર ખાસ સલાહ સલાહ આપવામાં આવી છે.

પ્રચાર કરશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યોજના તેયાર કરવામાં આવી છે. યોગી આદિત્યનાથે મુખ્યપ્રધાન

તેમને સ્વદેશ લાવવા માટેના ઘણા પ્રયાસો ચાલી રહ્યા હોવા છતાં હજુ સુધી સફળતા મળી નથી. તેમનેભારત લાવવાના પ્રયાસ હજુ પણ ચાલી રહ્યા છે. મની લોન્ડરિંગ આરોપસર વિજય માલ્યા સામે બિનજામીનપાત્ર નવેસરથી વોરંટ જારી કરાયા બાદ ભારે હોબાળો થયો છે. વિજય માલ્યાનો મામલો રાજકીયરીતે પણ સંવદેનશીલ બનેલો છે. ચૂંટણીમાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવીચુક્યો છે. ભાજપ સરકારે આ મુદ્દા પર ભારે પીછેહઠનો સામનો પણ કરવો પડ્યો છે. કોંગ્રેસ સહિતના પક્ષોએ વિજય માલ્યાનો મુદ્દો ઉઠાવીને ભાજપ સરકારની મુશ્કેલી વધારી છે.

બનતાની સાથે જ એક પછી એક નિર્ણય શ્રેણીબદ્ધ રીતે કરીને ભારે લોકપ્રિયતા મેળવી લીધી છે. જેથી ભાજપ તેમને એમસીડી ચૂંટણીના યોગ્ય સમય પર તેમને મેદાનમાં ઉતારી રહી છે. વધુને વધુ લોકો પર પ્રભાવ છોડવા માટેની તૈયારી કરવામાં આવી ચુકી છે. જાણકારી મુજબ તેમની જનસભા બે બે સંસદીય ક્ષેત્રમાં બોર્ડર પર કરાવવા માટેની યોજના તૈયાર કરવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે તેમની એક સભા પ્રદેશ ભાજપ અધ્યક્ષ મનોજ તિવારીના નોર્થ ઈસ્ટ દિલ્હીના સંસદીય ક્ષેત્ર અને મહેશ ગિરીના ઈસ્ટ દિલ્હી સંસદીય ક્ષેત્રના બોર્ડ પર એટલે કે લોની રોડની આસપાસ કરવાની યોજના છે. તેમની બીજી સભા સંગમ વિહાર વિસ્તારમા યોજવામાં આવે તેવી શક્યતા છે. ત્રીજી જનસભા વેસ્ટ દિલ્હી સંસદીય ક્ષેત્રના ડાબડી વિસ્તારમાં કરવાની યોજના છે. એવી પણ યોજના છે કે દરેક જનસભામાં આશરે ૨૦ હજારની આસપાસ લોકોને એકત્ર કરવામાં આવનાર છે. દિલ્હીમાં હવે રાજકીય સમીકરણ રચાવવાના સંકેત છે. પૂર્વાંચલના આશરે ૪૦ટકા લોકો પાટનર દિલ્હીમાં રહે છે. પૂર્વાંચલના લોકો કોઈ પણ ચૂંટણીમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. આ જ કારણસર યોગી આદિત્યનાથને મેદાનમાં ઉતારી દેવા માટેની યોજના તૈયાર કરવામાં આવી છે. યોગી આદિત્યનાથ દિલ્હીમાં ચૂંટણી સભાઓ માટે સંપૂર્ણપણે તૈયાર છે. ભાજપે હજુ સુધી ૧૩મી એપ્રિલના દિવસે રાજોરી ગાર્ડન વિધાનસભા એરિયાના પેટાચૂંટણીના પરિણામને લઈને ઉત્સુક છે. ત્યારબાદ એમસીડી ચૂંટણી માટે આગળની રણનીતિ તૈયાર કરવામાં આવશે. યોગીની માંગ પ્રચાર માટે ખુબ જ વધારે છે જેથી તેમના કાર્યક્રમને તૈયાર કરી લેવાની કામગીરી જોરદારરીતે ચાલી રહી છે. યોગી એક પછી એક નિર્ણય લઈને તમામને ખુશ કરીચુક્યા છે. તેમની છાપ આક્રમક મુખ્યમંત્રી તરીકે ઉભરી ચુકી છે. સત્તામાં આવ્યા બાદથી સૌથી મોટા બીજા નિર્ણય તરીકે ઉત્તર પ્રદેશ સરકારે ઈલેક્ટ્રીસીટી દેવા પર સરચાર્જને દૂર કરવાનો નિર્ણય કર્યો છે. ઓક્ટોબર ૨૦૧૮ સુધી ૨૪ કલાક વિજ પુરવઠો આપવા માટે કેન્દ્ર સરકાર સાથે ઉત્તર પ્રદેશ સરકાર એક એમઓયુ પણ કરી ચુકી છે. આ એમઓયુને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને કેન્દ્રીય ઉર્જામંત્રી પીયુષ ગોયેલની હાજરીમાં હસ્તાક્ષરની વિધિ થઈ હતી.

સ્થગિત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિનું અભિભાષણ સાથે બજેટ સત્રની શરૂઆત થઈ હતી અને આજે લંચના પહેલા જ બંને ગૃહોની કામગીરીને રાષ્ટ્રગીતની ધૂન વગાડવામાં આવ્યા બાદ અનિશ્ચિત મુદત માટે મોકૂફ કરી દેવામાં આવી હતી. સત્રના પ્રથમ તબક્કામાં લોકસભાની કુલ સાત અને રાજ્યસભાની આઠ બેઠકો થઈ હતી. બીજા તબક્કામાં નિચલા ગૃહની ૨૨ અને રાજ્યસભાની ૨૧ બેઠક યોજાઈ હતી. લોકસભામાં સત્રના અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરતા પહેલા લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને પોતાના પરંપપરિક સંબોધનમાં કહ્યું હતું કે, આ સત્રમાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધી જીએસટી સાથે સંબંધિત ચાર બિલને પસાર કરવાની રહી છે. તેમણે કહ્યું હતું કે, આ ખુબ જ મહત્વપૂર્ણ અને રચનાત્મક સત્ર રહ્યું છે જે તમામ માટે સાનુકુળ બાબત છે. રાજ્યસભાને અનિશ્ચિત મુદત માટે સ્થગિત

આ પણ વાંચીએ...

● દુનિયાની સૌથી લાંબી મોટર સાઈકલ જે એક ભારતીયએ બનાવી છે

રેકોર્ડ બનાવવા માટે લોકો ગમે તે કરી શકે છે. આ ભારતીય યુવકે રેકોર્ડ બનાવવા માટે બસથી લાંબી મોટર સાઈકલ બનાવી છે. આ મોટર સાઈકલ ૨૬.૨૯ મીટર એટલે કે ૮૬ ફીટ ૩ ઈંચ લાંબી છે. ગુજરાતના ભરતસિંહ પરમારે આ મોટર સાઈકલ બનાવી છે. ગિનીઝ બુકની ટીમે તેનું પરિક્ષણ કર્યું હતું.

● મેચ નહીં પરંતુ સ્ટેડીયમ જોવા આવે છે લોકો

હિમાચલપ્રદેશની અતિ સુંદર વાદીઓમાં બનેલુ ધર્મશાળાનું આ સ્ટેડિયમ ખુબ જ સુંદર છે. સ્ટેડિયમમાં તમે મેચની સાથે પ્રકૃતિનો આનંદ પણ માણી શકો છો. માત્ર ભારતીય જ નહીં પરંતુ વિદેશી ખેલાડીઓ પણ આ સ્ટેડિયમના સુંદરતાના દિવાના છે. સમુદ્રતળથી ૧૪૫૭ મીટર ઉંચાઈ પર સ્થિત આ સ્ટેડિયમમાં ૨૩ હજાર દર્શકો બેસી શકે તેવી વ્યવસ્થા છે.



પાલનપુરમાં તબીબોને સુરક્ષા પૂરી પાડવા માટે હોસ્પિટલમાં પોલીસ કમાન્ડો તૈનાત કરાયા

પાલનપુર માં કાયદો અને વ્યવસ્થા ની કથળતી જતી પરિસ્થિતિ વચ્ચે શહેરના તબીબોને ખંડણી માટે ધમકી ભર્યા ફોન આવી રહ્યા હોવાની રાવ ઉઠી છે અજાણ્યા શખસે રવિવારે પાલનપુર ના ઓર્થોપેડીક ખાનગી તબીબને ફોન ઉપર ધમકી આપી ખંડણી માંગી હતી. જેમાં એજ રાત્રે વધુ ત્રણ તબીબો ઉપર પણ આવા ફોન આવ્યા હોવાનું બહાર આવતાં તબીબી આલમમાં ખળભળાટ મચી ગયો છે. અનેહોસ્પિટલ માં તબીબો ને સુરક્ષા પૂરી પાડવા માટે પોલીસ કમાન્ડો પણ તૈનાત કરવામાં આવ્યા છે કેસની ગંભીરતા ને લઇ જિલ્લા પોલીસવડાએ તપાસ એલસીબીને સોંપી છે. પાલનપુર એરોમા સર્કલ નજીક પોતાની ખાનગી હોસ્પિટલ ધરાવતાં ઓર્થોપેડિક તબીબ ડો. એચ. કે. ગૌસ્વામી ને અજાણ્યા શખસે તેમને ફોન કરી મે લલીત બાદશાહ નામના શખ્સે રૂપિયા ૧.૧૦ લાખ ની માગની કરીને ધમકી આપી હતી. આ બાબતે પાલનપુર તાલુકા પોલીસ મથકે જાણવા જોગ નોધાવી હતી. જો કે શહેરના અન્ય તબીબ ડો. એસ. એસ. પ્રજાપતિ, ડો. આર. કે. અગ્રવાલની પત્ની તેમજ ડો. કૈલાસ આર. પટેલ ઉપર પણ રૂપિયા ૧.૧૦ લાખની ખંડણી માંગતો ફોન આવ્યો હતો. તેમજ તેમને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તબીબની અરજીના આધારે ફરિયાદ નોંધાઇ પાલનપુર પર ના તબીબો ને મારી નાખવાની ધમકી આપતા હાલમાં હોસ્પિટલ માં પોલીસ કમાન્ડો તૈનાત કરવામાં આવ્યા છે.

નાના અંબાજીમાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્માના નાના અંબાજી ધામમાં ચૈત્રી પૂનમે ત્રણ દિવસનો મેળો ભરાય છે. મા અંબા પ્રત્યે અસીમ શ્રદ્ધા ધરાવતા નાના મોટા સૌ માઈભક્તો ભક્તિભાવથી મેળો માણવા તથા મા ભગવતીના દર્શન કરવા આવી પહોંચ્યા હતા. પૂનમ નિમિત્તે ખેડબ્રહ્મામાં શ્રદ્ધા અને શક્તિનો સંગમ થયો હતો. ખેડબ્રહ્મા ખાતે આવેલ મા અંબાના ચાચર ચોકમાં મંગળવારે વહેલી સવારથી જ ભક્તો કતારબદ્ધ દર્શન કરવા ઉભા થઈ ગયા હતા. દૂરદૂરથી આવેલા શ્રદ્ધાળુઓએ મા અંબાના ચરણોમાં મસ્તક નમાવી ધન્યતા અનુભવી હતી. બસસ્ટેન્ડથી માતાજી મંદિર સુધીનો રસ્તો નાની-મોટી હાટડીઓના કારણે ખરીદી કરવા માટે મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. મેળા નિમિત્તે અંબિકા માતાજી ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થીઓ માટે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યુ હતુ. પીએસઆઈ એ.વી. દેસાઈએ પોલીસ બંદોબસ્ત ચુસ્ત ગોઠવ્યો હતો.

કરતા પહેલા અધ્યક્ષ હમીદ અન્સારીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, અંતિમ બે લાઈનમાં બેસનાર સભ્યોનું પ્રદર્શન પણ શાનદાર રહ્યું છે. સંસદીય બાબતોના પ્રધાન અનંતકુમારે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, આ સત્રને ભારતીય સંસદીય ઈતિહાસનાં એક સુવર્ણ સત્ર તરીકે ગણવામાં આવશે.ભારતના સંસદીય ઈતિહાસમાં આવું પ્રથમ વખત થયું છે જ્યારે સરકારના તમામ નાણાંકીય કાર્યોને આગામી નાણાંકીય વર્ષ પ્રારંભ થતા પહેલા સામાન્ય ચર્ચાની યોગ્ય પ્રક્રિયા અપનાવવામાં આવી હતી. સ્થાયી સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. કેટલાક અલગ અલગ મંત્રાલયો ઉપર ચર્ચાનું પાલન કરવામાં આવ્યું હતું. ૩૧મી માર્ચથી પહેલા જ ઘણી કામગીરી પુરી કરી લેવાઈ હતી. સાથે સાથે આમા કોઈ શોર્ટકટ પ્રક્રિયા પણ અપનાવવામાં આવી ન હતી. લોકસભામાં બજેટ સત્ર દરમિયાન કુલ ૨૪ સરકારી વિધેયક પુનઃ સ્થાપિત કરવામાં આવ્યા હતા. એકંદરે ૨૩ વિધેયક પસાર કરવામાં આવ્યા હતા. એક ઐતિહાસિક પગલા તરીકે વર્ષ ૨૦૧૭-૧૮ના કેન્દ્રીય બજેટને ગણવામાં આવે છે. ફેબ્રુઆરી ૨૦૧૭માં સામાન્ય અને રેલવે બજેટને એક સાથે રજૂ કરવામાં આવ્યા હતા. નિચલા ગૃહમાં અડચણોના પરિણામ સ્વરુપે આઠ કલાક અને ૧૨ મિનિટનો સમય બગડ્યો હતો. સભામાં ૨૮ કલાક અને ૪૦મિનિટ સુધી બેસીને ઘણા સરકારી કામોને પૂર્ણ કર્યા હતા. લોકસભામાં જે કામગીરી હાથ ધરાઈ હતી તેમાં કરવેરા સુધારા માટે ઐતિહાસિક જીએસટી વિધેયકને બંને ગૃહોની મંજુરી મળી હતી.